# આરતી:૨

## આનંદ મંગળ કરુ...

આનંદ મંગળ કરુ હું આરતી
હરિ ગુરુ સંતની સેવા રે વ્હાલા...આનંદ..
પ્રેમ ધરીને મારે મંદિરે પધારો...૨
સુંદિર સુખડાં લેવા રે વ્હાલા...આનંદ..

મારે આંગણિયે તુલસીનો ક્યારો...૨
શાલિગ્રામની સેવા રે વ્હાલા...આનંદ..
રત્ન સિંહાસન આપ બિરાજો...૨
છો દેવાધિદેવા રે વ્હાલા...આનંદ..

કાને કુંડળ માથે રે મુગટ...૨
પ્રગટ્યા દર્શન દેવા રે વ્હાલા...આનંદ..
રામ લક્ષ્મણ ભરત શત્રુધ્ન...૨
ચારેય ભાઇઓની સેવા રે વ્હાલા...આનંદ..

સંત મળે તો મહાસુખ પામું...૨
ગુરુજી મળે તો મેવા રે વ્હાલા...આનંદ..
અડસઠ તીરથ સંતોને ચરણે...૨
ગંગા યમુના રેવા રે વ્હાલા...આનંદ..

ત્રિભુવન તારણ ભવ ઉધ્ધારણ...૨
આવો દર્શન દેવા રે વ્હાલા...આનંદ..
માખણ મિસરી મધુફળ ચાખો...૨
ચાખો મીઠાં મેવા રે વ્હાલા...આનંદ..

દાસ પ્રીતમ છે હરિ ગુણ ઘેલો...૨
હરિના જન હરિ જેવા રે વ્હાલા...આનંદ..